ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૪ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૯૧ ટકા

# ઘ-૫ ખાણીપીણી બજારમાં ખદબદતી ગંદકી








ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના ઘ-૫ ખાણીપીણી બજાર ગંદકીથી ખદબદે છે. રોજના હજ્જારો નાગરીકો ખાણીપીણી બજારમાં ભોજન લે છે.ત્યારે નગરજનોના આરોગ્ય સામે પણ ખતરો ઝળુંબી રહ્યો છે. એક તરફ થાળીમાં ગરમા ગરમ વાનગી પીરસવામાં આવે છે, તો બીજીતરફ ગંદકીના ઢગ અને ખાબોચીયા ભરાયેલા નજરે પડે છે. વેપારીઓને સાફ સફાઈની પડી નથી તેવું લાગી રહ્યું છે. ત્યારે ચોમાસાની સિઝન ચાલી રહી છે, પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો વકરી રહ્યો છે ત્યારે ખાણીપીણી બજારના ગંદા પાણીના ખાબોચીયા મચ્છરોનું ઉદભવ સ્થાન બની રહ્યા હોય તેવું લાગી રહ્યું છે.

ગાંધીનગર શહેરમાં તંત્ર દ્વારા લારી-ગલ્લાના દબાણો દુર કરવામાં આવતા નગરજનોને નજીકમાં ચા-પાણી, પાન-મસાલા, નાસ્તો કે જમવાનું પણ મળતુ નથી. તેવી સ્થિતિમાં રોજના હજ્જારો નગરજનો ખાણીપીણી બજારમાં નાસ્તા અને જમવા માટે જાય છે. ખાણીપીણી બજાર એ નગરની આગવી ઓળખ સમાન છે. ત્યારે ખાણીપીણીના વેપારીઓ દ્વારા સહેજ પણ સફાઈ કે ચોખ્ખાઈ રાખવામાં આવતી ન હોવાનું ધ્યાને પડી રહ્યું છે. એક તરફ ચોમાસાની ખદબદતી ગંદકી અને વરસાદી પાણીના ભરાવોને પગલે મચ્છરજન્ય રોગચાળો ફેલાય છે. તો બીજી તરફ ચોમાસાની સિઝનમાં બિન આરોગ્યપ્રદ જમવાનું આરોગવાથી પણ નાગરીકો બિમારીનો ભોગ બની શકે છે. શહેરમાં વાહકજન્ય અને પાણીજન્ય રોગના કેસ ઘરે ઘરે છે તેવી સ્થિતિ ઉભી થવા પામી છે. સિવિલ અને ખાનગી દવાખાના દર્દીઓથી ઉભરાય છે. ત્યારે ઘ-૫ બજારમાં દુકાનની બાજુમાં ગંદકીના થર જામ્યા હોવા છતા સફાઈ કરવામાં આવતી નથી. તો બીજી તરફ વેપારીઓ પણ ગંદકી ફેલાવી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે ખદબદતી ગંદકી વચ્ચે નગરજનો જમવા મજબુર બન્યા હોય તેમ લાગી રહ્યું છે. રોજના હજ્જારો નાગરીકો જમતા હોવાથી ઘ-૫ ખાણીપીણી બજારની સાફ સફાઈ યોગ્ય થવી જોઈએ તેમ નગરજનોનું માનવું છે. નહીંતર ગંદકી ધરાવતી દુકાનો સામે તંત્રએ લાલ આંખ કરવાની તાતિ જરુરીયાત ઉભી થવા પામી છે.

## લાયોનેસ કલબ દ્વારા ગૌરીવ્રત નિમિતે સુકામેવાનું વિતરણ




ગાંધીનગર, તા.૨૬

લાયોનેસ કલબ ગાંધીનગરના પર્મેનન્ટ પ્રોજેકટ અંતર્ગત પર્મેનન્ટ પ્રોજેકટ ચેરમેન ભાવના બેન પટેલ દ્વારા કુહાની સરકારી પ્રાથમિક શાળા શાંતાબેન ભુલાભાઈ શિશુવિહાર ખાતે દર વર્ષની જેમ આખા વર્ષ માટે બાળકોને પૌષ્ટીક નાસ્તો મળી રહે તેવા ઉમદા હેતુંથી અને બાળકો માટે શૈક્ષણિક અને રમત-ગમતના સાધનો મળી કુલ રૂ.૪૦,૦૦૦ નું અનુદાન આપવામાં આવ્યું હતું. અને ગૌરીવ્રત નિમિતે બાળાઓને ગૌરીવ્રત પુજન અને સુકામેવાનું ૧૩૦ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. લાયોનેસ પ્રમુખ ડિમ્પલ દેસાઈ સહિત પ્રિતીબેન શર્મા, ભાવનાબેન પટેલ, અંજલીબેન ભટ્ટ, વૈશાલીબેન જોષી, ચંદાબેન યાદવ, દેવલબેન જોષી, તથા કલબના સભ્યો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. શાળાના આચાર્ય મુકેશભાઈ તથા શિક્ષકગણનો ખુબ સાથ સહકાર રહ્યો હતો.

## ડભોડા નજીક વિરાતલાવડીમાંથી છ જુગારીઓ પકડાયા : એક ફરાર

ગાંધીનગર, તા.૨૬

ડભોડા નજીક આવેલા વિરાતલાવડી ગામમાં સોમા ચંદુ ઠાકોર નામનો શખ્સ પોતાના ઘર આંગણે જુગાર રમાડી રહ્યો હોવાની બાતમીના આધારે ડભોડા પોલીસે દરોડો પાડીને ૬ શકુનિઓને પકડી પાડ્યા હતા. રૂપિયા ૧૨૦૦ના રોકડ મુદ્દામાલ સાથે ૬ જુગારીઓની ધરપકડ કરી ડભોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ એક શખ્સ ફરાર થઈ ગયો હતો તેની શોધખોળ પણ ડભોડા પોલીસે આરંભી છે.

ડભોડા પી.એસ.આઈ હિરેન દેસાઈની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન જમાદાર વેલજીભાઈ ને ચોક્કસ બાતમી મળી હતી કે વીરા તલાવડી ગામમાં રહેતો સોમા ચંદુ ઠાકોર નામનો શખ્સ પોતાના ઘરઆંગણે બહારથી માણસો બોલાવીને જુગાર રમાડી રહ્યો છે. આ બાતમીના આધારે ડભોડા પોલીસની ટીમે સ્થળ પર દરોડો પાડીને કોર્ડન કરી ટોળું વળીને જુગાર રમી રહેલા છ શખ્સોને પકડી પાડ્યા હતા. પોલીસ દરોડામાં એક શખ્સ નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. ડભોડા પોલીસે સ્થળ પરથી જુગાર રમાડી રહેલા સોમા ચંદુ ઠાકોર ઉપરાંત જુગાર રમવા આવેલા દહેગામ તાલુકાના પાલુન્દ્રા ગામમાં રહેતા લાલસિંહ પ્રતાપસિંહ ચૌહાણ, વીરા તલાવડી માં રહેતા કાળા પોપટ ઠાકોર અને અરવિંદ લક્ષ્મણ મકવાણા, દસ્ક્રોઈ તાલુકાના પરઢોલ ગામમાં રહેતા હસમુખ અંબાલાલ પ્રજાપતિ અને દહેગામ તાલુકાના જીવરાજની મોવાડી વિસ્તારમાં રહેતા પ્રવિણ બાલુ સિંહ ઠાકોર મળીને જુગાર રમી રહેલા છ શખ્સોને દબોચી લઈ તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ દસ્ક્રોઈ તાલુકાના પરઢોલ ગામમાં રહેતા ફુલાજી જેણાજી ઠાકોર નામનો શખ્સ ફરાર થઈ જતાં તેની શોધખોળ પણ શરૂ કરવામાં આવી છે. ડભોડા પોલીસે તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને રૂ.૧૨૦૦ નો રોકડ મુદ્દામાલ જપ્ત કર્યો છે.



### ગૌરી વ્રતના જવારા જોઈ હરખાતી બાલિકા

શહેરમાં ગૌરી વ્રત સમાપન સુધી પહોંચી જવા પામ્યું છે. આ વ્રત દરમિયાન બાલિકાઓએ ગોરમાની પૂજા કરવા સાથે જવારા ઉછેર્યા છે. ગાંધીનગરના સે-૨૪ની આ બાલિકા તેણે ઉછેરેલા જવારાને જોઈ હરખાઈ રહી છે. શુક્રવારે ગૌરીવ્રતનો અંતિમ દિવસ હોવાથી વ્રત કરનારી કુમારિકાઓ જાગરણ સાથે વ્રતનું સમાપન કરશે.

## જિલ્લામાં વધુ નવ પોલીસ સ્ટેશન બનાવવા દરખાસ્ત તૈયાર

**સે-૭, સે-૨૧ અને ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનના બબ્બે વિભાજન થશે : જીલ્લા ટ્રાફિક પોલીસ સ્ટેશન ઉપરાંત વધુ બે ટ્રાફિક પોલીસ સ્ટેશન બનશે : નારદીપુર અને બહિયલ પોલીસ સ્ટેશન બનાવવા પણ દરખાસ્તમાં ઉલ્લેખ**

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર જિલ્લાના ડેવલપમેન્ટ અને વધી રહેલા વસ્તીના પ્રમાણની વચ્ચે જિલ્લામાં શાંતિ અને સલામતીના દષ્ટિકોણથી પોલીસની ભૂમિકા વિશેષ થઈ જવા પામી છે. અન્ય જિલ્લાઓમાંથી ગાંધીનગર જિલ્લામાં સ્થળાંતર થઈ રહેલા પરિવારોના આંકડા જોતા આવનારા સમયમાં ગીચતા વધે તો નવાઈ નહિ. આ સંજોગોને ધ્યાને લઈને ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવે પોલીસ મથકોની હદના વિશેષ અભ્યાસ કરીને જિલ્લામાં વધુ નવ પોલીસ સ્ટેશન બનાવવા દરખાસ્ત તૈયાર કરી દીધી છે. હાલના તબક્કે ગાંધીનગર જિલ્લામાં એલ.સી.બી, એસ.ઓ.જી, મહિલા પોલીસ સ્ટેશન અને ટ્રાફિક પોલીસ સ્ટેશન સહિત બે ડિવિઝનમાં કુલ ૧૭ પોલીસ સ્ટેશન કાર્યરત છે. આ પોલીસ સ્ટેશનમાં વિભાજન કરીને જરૂરિયાત મુજબ વધુ નવ પોલીસ સ્ટેશન બનાવવાની દરખાસ્ત તૈયાર થતા મંજૂરી મળીએ જિલ્લામાં કુલ ૨૬ પોલીસ સ્ટેશન કાર્યરત થશે.

જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવએ તૈયાર કરેલી દરખાસ્ત મુજબ જિલ્લાના સેક્ટર-૭ પોલીસ સ્ટેશનનુ વિભાજન કરીને સેક્ટર ૭ એ ડિવિઝન અને સેક્ટર ૭ બી ડિવિઝન એમ સે-૭ નાં એક માંથી બે પોલીસ સ્ટેશન બનાવવામાં આવશે. તેવી જ રીતે સેકટર-૨૧ અને ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનના પણ એ ડિવિઝન અને બી ડિવિઝન એમ વિભાજન કરીને બબ્બે પોલીસ સ્ટેશન કરી દેવામાં આવશે. કલોલ શહેર પોલીસ સ્ટેશનના વિભાજન કરીને કલોલ પૂર્વ અને પશ્ચિમ એમ બે પોલીસ સ્ટેશન બનાવવામાં આવશે. જ્યારે કલોલ તાલુકા પોલીસ સ્ટેશનની હદનુ વિભાજન કરીને નારદીપુર પોલીસ સ્ટેશનને પણ સમાવવામાં આવશે. માણસા પોલીસ સ્ટેશનનું વિભાજન કરીને માણસા સિટી અને માણસા રૂરલ પોલીસ સ્ટેશન એમ બે પોલીસ સ્ટેશન બનાવવામાં આવશે. તો બીજી તરફ દહેગામ પોલીસ સ્ટેશનની હદનુ વિભાજન કરીને નવું બહિયલ પોલીસ સ્ટેશન બનાવવાની પણ વિચારણા છે. તે ઉપરાંત જીલ્લા ટ્રાફિક પોલીસ સ્ટેશન ઊપરાંત અમદાવાદને જોડતા માર્ગો એટલે કે કોબા- ઈન્દિરા બ્રિજ હાઈવેમાં ટ્રાફિકની સમસ્યા નિવારવા માટે અને સરગાસણથી વૈષ્ણોદેવી હાઈવેને કવર કરી શકાય અને આ રૂટમાં પણ ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તેની તકેદારી રાખવા માટે વધુ બે ટ્રાફિક પોલીસ સ્ટેશન બનાવવામાં આવશે. વધુમાં ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં ડીવાયએસપીની પોસ્ટનો પણ ઉમેરો કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા જિલ્લામાં વધુ નવ પોલીસ સ્ટેશન બનાવવાની દરખાસ્ત તૈયાર કરી દેવામાં આવી છે. સરકાર દ્વારા આ દરખાસ્તની મંજૂરી મળે તો જિલ્લામાં હાલમાં કાર્યરત ૧૭ પોલીસ સ્ટેશનમાં વધુ ૯ પોલીસ સ્ટેશનનો ઉમેરો થશે એટલે કે જિલ્લામાં ૨૬ પોલીસ સ્ટેશન બની જશે.

## એસ.કે. પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝનું સતત બીજા વર્ષે ૧૦૦ ટકા પ્લેસમેન્ટ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન સે-૨૩ની એસ.કે. પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝ દ્વારા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ સાથે ૧૦૦ ટકા જોબ પ્લેસમેન્ટની સેવા આપવામાં આવી રહી છે. છેલ્લા બે વર્ષથી સતત સંસ્થાએ તેના તમામ વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડતર માટે અગ્રણી કોર્પોરેટ કંપનીઓમાં કામ કરવાની તક પુરી પાડવામાં સફળતા પ્રાપ્ત કરી છે.

એસ.કે. પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીને કારકિર્દી ઘડતર અંગે ચિંતા કરવાની જરૂર ના રહે તેવી પરિસ્થિતિ સતત બીજા વર્ષે જોવા મળી છે. આ વર્ષે પણ સંસ્થાએ ૧૦૦ ટકા પ્લેસમેન્ટ રેશિયો પ્રાપ્ત કરતા સમગ્ર યુનિવર્સિટીમાં આનંદની લહેર પ્રસરવા પામી છે. આ સંસ્થામાં છેલ્લા બે વર્ષ દરમિયાન ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને દેશની જાણીતી બહુરાષ્ટ્રીય કંનીઓમાં કામ કરવાની તક પ્રાપ્ત થવા પામી છે. આ કંપનીમાં ગોદરેજ એન્ડ બોયસ, કોલગેટ પામોલીવ, ટીસીએસ, ટોરેન્ટ પાવર, બર્જર પેઈન્ટ્સ, રિલાયન્સ જીઓ ઈન્ફોકોપ, વાડીલાલ આઈસ્ક્રીમ, એયુ ફાઈનાન્સ બેંક, સેલ્સ ઈન્ડિયા, એબીપી ન્યુઝ, વીટીવી, રેડિયો મિર્ચી, એશિયન પેઈન્ટસ, એચડીએફસી મ્યુચ્યુઅલ ફંડ, એચએસજી હોસ્પિટલ, એકિસસ બેંક વગેરે સહિત અનેક જાણીતી કંપનીઓનો સમાવેશ થાય છે. આ કંપનીઓમાં કાર્યરત બનીને વિદ્યાર્થીઓ સંસ્થાનું નામ રોશન કરી રહ્યા છે.

## સેક્ટર-૩ માં ગલ્લાઓને તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યા

**ત્રણ ગલ્લાઓને તાળા તોડી તસ્કરો પાન મસાલાના પેકેટ સહિતનો માલ ચોરી ગયા**

ગાંધીનગર, તા.૨૬

શહેરના સેક્ટર-૩ વિસ્તારમાં રાત્રી દરમિયાન તસ્કરોએ ગલ્લાઓ અને કેબીનોના ટાર્ગેટ બનાવ્યા હતા. એક પાન મસાલાનો ગલ્લો અને એક ધોબીનું કેબીન તથા એક હેર સલુનનુ કેબીન ટાર્ગેટ કરી તસ્કરોએ તેના તાળા તોડી અંદરથી જે હાથ લાગ્યું તે ઉઠાવીને ફરાર થઈ ગયા હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. એક જ સેક્ટરના ત્રણ અલગ-અલગ કેબિન અને ગલ્લાઓને નિશાન બનાવીને અંદરથી થયેલી ચોરી મામલે કોઈ પોલીસ ફરિયાદ નોંધાવા પામી નથી. જો કે અંદર કોઈ મોટી માલમિલકત ન હોવાથી તસ્કરોને હાથે પણ કાંઈ મોટો માલ આવ્યો ન હતો.

શહેરમાં એક તરફ ઘરફોડ ચોરોએ તરખાટ મચાવ્યો છે તો બીજી તરફ ચિન્દી ચોરો પણ સક્રિય થયા છે. સેક્ટર-૩ વિસ્તારમાં અલગ-અલગ સ્થળોએ ઉભા રહેતા ત્રણ ગલ્લા અને કેબિનોના તાળા રાત્રિ દરમિયાન તૂટ્યાં છે. ગ- દોઢ પાસે ગલ્લો કરીને ઊભા રહેતા પટેલ ભાઈના ગલ્લાના પણ તાળાં તૂટ્યાં છે. નોંધનીય બાબત તો એ છે કે પટેલ ભાઈનો ગલ્લો ત્રીજી વાર તસ્કરોના ટાર્ગેટ પર આવ્યો છે. તેમના ગલ્લાના અગાઉ બે વાર તાળા તૂટી ચૂક્યા છે. જેને પગલે તેઓ ચેતી ગયા છે અને હવે રાત્રે ગલ્લો બંધ કરે ત્યારે રોકડ મોટી રકમ ગલ્લા પર રાખતા ન હતા અને પાન-મસાલાના તથા સિગરેટના વધુ પેકેટ્સ પણ ગલ્લામાં રાખતા ન હતા. જેને પગલે તેમના ગલ્લામાંથી પણ થોડાક પાન બીડી ના પેકેટ તથા રૂ.૨૦૦ જેટલી રોકડને બાદ કરતાં કોઈ કિંમતી માલ ચોરાયો ન હતો. તો બીજી તરફ રાત્રે દરમિયાન તસ્કરોએ આજ સેક્ટરમાં આવેલા એક ધોબીના કેબીનને તોડ્યું હતું. કપડાં સિવાય તેમાંથી પણ કાંઈ મોટી માલમતા હાથ લાગી ન હતી. જ્યારે સંગીત સર્કલ પાસે હેર સલૂનના કેબીનને પણ ટાર્ગેટ કરી તસ્કરોએ તેનુ તાળું તોડી અંદરથી બેટરી, લોશન અને પાઉડર સહિતનો મુદ્દામાલ ચોરી કરી લીધો હતો. ચોરીના આ ત્રણેય કિસ્સાઓ મામલે પોલીસ ફરિયાદ થવા પામી નથી.

## ગાંધીનગરની સુરમધુર સંસ્થા આફ્રિકામાં ગુજરાતી લોકનૃત્યોની રમઝટ જમાવશે




ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરની જાણીતી કલા સંસ્થા 'સુરમધુર' તેની કલાના માધ્યમથી હવે વિદેશની ધરતી પર ગુજરાતની લોકસંસ્કૃતિને ઉજાગર કરવા જઈ રહી છે. સુરમધુર સંસ્થા આફ્રિકાના દેશોમાં સાંસ્કૃતિક કાર્યક્રમો માટે પસંદગી પામી છે અને તે માટે 'સુરમધુર'ની ટીમ આફ્રિકા જવા રવાના થઈ છે.

આફ્રિકાના મોઝામ્બિક અને તાન્ઝાનિયા દેશોમાં તા. ૨૭મી જુલાઈથી ૩જી ઓગસ્ટ દરમિયાન ભારત સરકારના આઈસીસીઆર દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાનાર છે. આ કાર્યક્રમોમાં ગુજરાતની લોક સંસ્કૃતિની રજૂઆત માટે ગાંધીનગરની સુરમધુર સંસ્થાની પસંદગી કરાતા ૧૧ સભ્યોની ટીમ આજે આફ્રિકા જવા રવાના થઈ છે. સુરમધુરની આ ટીમ મયંક દવેના નેતૃત્વમાં રાસ ગરબા, ટીપ્પણી, ગરબી, હુડો, ડાકલાં, ભવાઈ તેમજ ખાસ તૈયાર કરાયેલ 'પ્રારંભ' નામની ગુજરાતના લોકનૃત્યોની સંકલિત કૃતિ રજૂ કરશે. આ સમગ્ર પ્રસ્તુતિમાં સંગીત અને કોરિયોગ્રાફી સુરમધુરના સંચાલક મયંક દવે દ્વારા કરાયું છે. જયારે નૃત્ય દિગ્દર્શન નંદ દવેએ અને ગાયકીમાં કંઠ સુરેશ રત્નોત્તર તથા ડ્રેસ ડિઝાઈનર તરીકે વણા દવે અને અર્પિતા મહારાજાએ સેવાઓ આપી છે.

સુરમધુરની ટીમમાં નૃત્યકારોમાં નંદ દવે, નીરવ પંડયા, મહર્ષિ રાવલ, મેઘ બુચ, મેહુલ ગજ્જર, તિથી રત્નોત્તર, ઝરણા દવે, કૃતિકા દેત્રોની અને સ્તુતિ ચિતરીયા સામેલ છે. આ ટીમને સંસ્થાના ટ્રસ્ટીઓ ડૉ.વિજય ઉપાધ્યાય, વીણાબેન દવે તથા સ્મિતાબેન અધવર્યુએ શુભેચ્છા પાઠવી છે.

### @ગાંધીનગર

● અરવિંદ કેન્દ્ર ખાતે ગુરૂપૂર્ણિમા નિમિત્તે કેન્દ્રના વિદ્યાર્થીઓ દ્વારા સંગીતનો કાર્યક્રમ સાંજે ૬.૦૦ કલાકે અરવિંદ કેન્દ્ર, સે-૨૩ ખાતે યોજાશે.

● દિવ્ય જીવન સંઘ દ્વારા ગુરૂપૂર્ણિમાની ઉજવણી સવારે ૮.૩૦ કલાકે સે-૨-ડી પ્લોટ નં. ૧૬૬૦/૧ખાતે કરાશે.

● શ્રી ઝુલેલાલ સાંઈબાબા મંદિર દ્વારા આઠમો ગુરૂપૂર્ણિમા મહોત્સવ સવારે ૫.૦૦ કલાકે કાકડ આરતી, મંગલ સ્નાન અભિષેક, શ્રૃંગાર આરતી, પાદુકા પૂજન મહાઆરતી, ભોજન પ્રસાદ કાર્યક્રમ સાથે ઝુલેલાલ મંદિર, સે-૩૦ ખાતે યોજાશે.

● બ્રહ્માકુમારીઝ, સેક્ટર-૨૮, ગાંધીનગર ખાતેના "પીસપાર્ક"ના હૉલમાં સવારે ૬.૦૦ થી ૮.૦૦ ગુરુપુર્ણિમાની ભવ્ય ઉજવણી કરવામાં આવશે.

### વાતવાતમાં

● ગાંધીનગરના ચ રોડ પર એક રીક્ષા ચાલક મસ્તીમાં આવીને પગથી રીક્ષા ચલાવવાનો સ્ટંટ કરવા લાગ્યો હતો. તેના આ સ્ટંટને કારણે અન્ય વાહનોને 'સાઈડ'ના મળતા વાહનચાલકો બરાબર અકળાયા હતા.

● શુક્રવારે શહેરમાં ગૌરી વ્રતનો છેલ્લો દિવસ હોવાથી જાગરણની રાત્રિ છે. જો કે આ દિવસે ચંદ્રગ્રહણ થવાનું હોવાથી જાગરણ કરવા થનગની રહેલી વ્રત ધારક કુમારિકાઓ અને તેમના વાલીઓમાં ચિંતા વ્યાપી છે.

● ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક તરીકે મયુરસિંહ ચાવડાની નિયુકિત કરવામાં આવી છે. શુક્રવારે ગુરુ પૂર્ણિમાના શુભ દિને તેઓએ પોતાનો ચાર્જ સંભાળવાનું આયોજન કર્યુ છે.

● જીવીકે દ્વારા આજે જિલ્લાની વિવિધ કચેરીઓના ૫૦થી પણ વધુ કર્મચારીઓને સીપીઆરની ખાસ તાલીમ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે આપવામાં આવી હતી.

● ગાંધીનગર જિલ્લામાં મિઝલ્સ રૂબેલા રસીકરણ અભિયાનની સમીક્ષા માટે ખાસ ટાસ્ક ફોર્સની બેઠક જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષપદે બેઠક મળી હતી.

● મનપા દ્વારા હવે રખડતા પશુઓને પકડવાની કામગીરી માટે પોલીસ બંદોબસ્ત મેળવવાનો નિર્ણય સ્થાયી સમિતિએ કર્યો છે.

### એમ.બી. પટેલ ગર્લ્સ સ્કુલની વિદ્યાર્થીનીઓ સરિતા ઉદ્યાનની મુલાકાતે



ગાંધીનગર, તા.૨૬

શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સકુલની ધો-૨ની ૧૮૦ વિદ્યાર્થીનીઓને સરિતા ઉદ્યાનની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા ત્યાં વિદ્યાર્થીનીઓએ અવનવી રાઈડસનો લાભ લીધો હતો અને વનભોજન માણ્યું હતું.

### ચિરવિદાય

- સ્વ. પટેલ ગોવિંદભાઈ ઉમેદદાસ, ઉ.વ. ૬૨
- સ્વ. ઠાકોર ભલાજી જુગાજી, ઉ.વ. ૭૨